॥ ॐ ॥

શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજ.

વીર કુણાલ

નાટકનાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ચંદુલાલ હરગોવનદાસ શાહ.

માલીક "શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજ"

હાલ મુકામ ગ્રાંટરોડ, વીકટોરીઆ થીએટર-મુંબઈ.

સુરત, ચઉટાના પુલ ઉપર આવેલા ધી 'શંકર' પ્રિ.
પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.

કીંમત ૪ આના.


BOMBAY 1904

॥ ॐ ॥

। तत्सत् परमात्माने नमः ।

વીર કુણાલ

નાટકનો ટુંક સાર તથા ગાયનો.

રચનાર,

પ્રભુલાલ દયારામ દ્વિવેદી એન્જીનીઅર

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શાહ ચંદુલાલ હરગોવનદાસ.

"શ્રી લક્ષ્મી નાટક સમાજ"ના માલીક,

ગ્રાંટરોડ વીકટોરીઆ થીએટર—મુંબઇ.

સંવત ૧૯૭૬] [ઇ૦ સ૦ ૧૯૨૦

આવૃત્તિ પાંચમી મુંબઇ. પ્રત ૨૦૦૦.

ધી "શંકર" પ્રી. પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મરાવ નીકમે છાપી.

ચઉટાના પુલ ઉપર ટાંકી સામે—સુરત.

કીંમત ૪ આના.

વીર કુણાલ નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

અશોક	પાટલીપુત્ર નગરનો મહા પ્રતાપી મહારાજા,
કુણાલ	અશોકનો ધર્મ કર્મવીર પુત્ર.
ઉપગુપ્ત	એક બૌદ્ધ ધર્મી સમર્થ સાધુ.
માર	બૌદ્ધ ધર્મથી શત્રુતા ધરાવનાર પાપીષ્ટ.
કર્ણદેવ	તક્ષશિલા નગરીનો રાજા.
રાધાગુપ્ત	સમ્રાટ અશોકનો પ્રધાન.
રવીપાલ	રાણી તિષ્યરક્ષિતાનો વિશ્વાસુ સરદાર.
જુઠાભાઇ... ...	વડીલોપાર્જીત મીલકત ઉડાવી દીધા પછી ધુર્ત વિદ્યા શીખી લોકોને ધુતવા નીકળેલો વણીક.
ચતુર	જુઠાથી ચારચંદા ચડે તેવો તેનો નાનો ભાઇ.
ચંદનદાસ... ...	એક લોભી વણીક.

ઉપરાંત—દરબારીઓ, સભાજનો, સૈનિકો, યમદૂતો, કોટવાળ મારવાડી, પ્રતિહાર, ઇત્યાદિ.

સ્ત્રી વર્ગ.

તિષ્યરક્ષિતા	...	સમ્રાટ અશોક પત્ની અને કુણાલની ઓરમાન માતા.
કાંચનમાળા	...	વીરકુણાલની પતિપરાયણા પત્ની.
કલ્યાણી ...	...	તિષ્યરક્ષિતાની વિશ્વાસુ દાસી.
ભૂલામણી	...	ચંદનદાસની ઉચ્છૃંખલ પુત્રી અને જુઠાભાઇની પત્ની.
કસ્તુરી ...	...	ભૂલામણીની ઓરમાન બ્હેન પછીથી ચતુરની પ્રિયતમા.
રોહિણી ...	...	ચંદનદાસની ગર્વિષ્ટ પત્ની.
આશા ...	...	મનુષ્યને મોહપાસમાં નાંખનાર વ્યક્તિઓ.
તૃષ્ણા ...	...	

ઉપરાંત—સખીઓ, દાસીઓ વિગેરે.

સ્થળ-પાટલીપુત્ર, તક્ષશિલા, હિમપ્રદેશ, નરકાલય, અરણ્ય ઇત્યાદિ.



વીર કુણાલ.

નાટકનો પ્રવેશાનુક્રમે સંક્ષિપ્ત સાર.

અંક પહેલો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—ઉપગુપ્તની પર્ણકુટી—ઉપગુપ્ત ધ્યાનસ્થ બેઠેલો છે ત્યાં બૌદ્ધ ધર્મના પ્રચારથી ક્રોધે ભરાયેલો માર પ્રગટ થાય છે અને પોતાની દુરાકાંક્ષાઓ વ્યક્ત કરતો ઉપગુપ્તને મારવા ધસે છે, એટલામાં ભગવાન બુદ્ધ પ્રગટ થઇ તેને અટકાવી ઉપગુપ્ત તેનો પરાજય કરશે એમ સુચવી અદ્રશ્ય થાય છે. પછીથી ઉપગુપ્ત અને મારનો વિતંડાવાદ તેમાં ઉપગુપ્ત મહારાજા અશોકને પોતાનો શિષ્ય બનાવવાની પ્રતિજ્ઞા કરે છે અને માર તે પ્રતિજ્ઞા તોડવાનો નિશ્ચય કરી ચાલ્યો જાય છે. ત્યારબાદ ઉપગુપ્તના દુર્જન મનુષ્યો સંબંધી ઉદ્‌ગાર.

પ્રવેશ ૨ જો—મહાલય—વિજય કરી આવેલા કુણાલને તેની ઓરમાન માતા તિષ્યરક્ષિતા સખીઓ સાથે વધાવી રહી છે તથા સહસા કુણાલના સ્પર્શથી રોમાંચ અનુભવે છે અને તેના અનુપમ સૌંદર્યને જોઇ મોહ થાય છે, પરંતુ કુણાલની પત્ની કાંચનમાળાને સામેથી આવતી જોઇ આશા નિરાશામાં ઝોલાં ખાતી તિષ્યરક્ષિતા ત્યાંથી ચાલી જાય છે અને મંડપની ઓથે છુપાઇ પતિપત્નીની પ્રેમચેષ્ટા જુએ છે. બાદ કાંચનમાળા પ્રવેશ કરે છે અને પુષ્પાહારથી વિજયી કુણાલને વધાવી દંપતિ જાય છે તે જોઇ તિષ્યરક્ષિતાનું મોહમુગ્ધ થવું. ત્યાર બાદ મારનું આવવું અને તિષ્યરક્ષિતાને પોતાની જાળમાં સપડાવવી. મોહાંધ તિષ્યરક્ષિતા કુણાલને રાત્રિએ પોતાના શયન મંદિરમાં બોલાવે છે જેથી મારને અત્યંત આનંદ.

પ્રવેશ ૩ જો—રસ્તો—ચંદનદાસની દીકરી ભુલામણીને પરણવા માટે જુઠાભાઇ તથા ચતુર મોટા કરોડપતિ બની ત્યાં આવ્યા છે. એટલામાં ભુલામણી ત્યાં આવી ચડે છે. જેથી જુઠો પોતાની શાહુકારીના ગપાટા મારી ભુલામણીને પોતાની જાળમાં સપડાવે છે. ત્યાં ભુલામણીની નાની બેન કસ્તુરી આવે છે અને મોટી બેનને તેના પ્રેમી સાથે મળતી જોઇ નિરાશ થઇ ચાલી જાય છે જેથી છુપાઇને

જોતો ચતુર તેને પોતાની કરી લેવા તેની પાછળ દોડે છે. પછીથી ભુલામણીને જુઠાભાઇનો આનંદ.

પ્રવેશ ૪ થો—શયન મંદિર—માતાનો પુત્રપર વિષમય પ્યાર જોઇ ખેદ કરતી દાસી કલ્યાણી કુણાલ પાસે આવે છે અને તિષ્યરક્ષિનાનાં મહેલમાં આવવાનું આમંત્રણ કરે છે કુણાલ રાત્રીના સમયે એકાન્તમાં આવવાની નાપાડે છે અને દાસીને વિદાય કરી કાંચન-માળાની રાહ જોતો ત્યાંથી નિંદ્રાવશ થઇ જાય છે જે તિષ્યરક્ષિતા પોતેજ ત્યાં આવે છે અને કુણાલને જગાડી મોટી મોટી લાલચોમાં લપટાવી નિલજતાથી પ્રેમ યાચના કરે છે. પરંતુ કુણાલ તેનો તિરસ્કાર કરે છે જેથી તિષ્ય-રક્ષિતા પોતાપર અત્યાચાર કરવાની બુમો પાડે છે એટ-લામાં અશોકનું માર સાથે આગમન. તિષ્યરક્ષિતાની તેની પાસે ફરીયાદ, મારની ઉશ્કેરણી. અશોકનો ક્રોધ નિર્દોષ કુણાલને અયોગ્ય શિક્ષા ત્યાં અચાનક ઉપગુપ્તનું આગમન અને અન્યાય ન આપવાની અશોકને શિખામણ પણ તેથી અશોક વધુ ક્રોધે ભરાય છે. ઉપગુપ્તને દેહાંતદંડની શિક્ષા કરે છે અને કુણાલનું અપમાન કરી દેશપાર કરે છે તે જોઇ મારને આનંદ.

ટેબ્લો.

પ્રવેશ ૫ મો—ચંદનદાસનું ઘર—કસ્તુરી અને ચતુરનો વિનોદ, તેમાં કસ્તુરી યુક્તિથી ચતુરની આંખે પાટા બાંધી છટકી જાય છે ચતુર તેને ખોળવા ફાંફાં મારે છે ત્યાં જુઠાભાઇ પ્રવેશ કરે છે અને આવી મૂર્ખાઇ માટે ચતુરને ધમકાવવું, દેવું બહુ થયેલું હોવાથી છટકી જવાની યુકિત ગોઠવે છે. ચંદનદાસને બોલાવી પોતાનો કાકો બીમાર હોવાની ગપ ઉડાવે છે. અને જવાની ઉતાવળ કરી પોતાની તીજોરી તથા તેમાંનું બનાવટી જરજવાહીર ચંદનદાસને શોંપી દે છે જેથી લોભીયો ચંદનદાસ વધુ લોભાય છે અને ભુલામણીનાં તેની સાથે તત્કાળ લગ્ન કરી તેની વિદાયગીરી આપે છે.

પ્રવેશ ૬ ઠો—મહાલય—આખી રાત્રી પતીનાં દર્શન ન થવાથી ચિંતાતુર થયેલી કાંચનમાળા પાસે કુણાલ આવે છે અને તેને સાથે લઇ પતિપત્નિ દેશાંતર જાય છે.

પ્રવેશ ૭ મો—ઉદ્યાન—દેહાંતદંડની શિક્ષાને એક પ્રહારનોવિલંબ હોવાથી સાધુ ઉપગુપ્ત નરકાલયની આગળના બગીચામાં ધ્યાનસ્થ બેઠેલો છે ત્યાં માર પ્રગટ થાયછે. અને આશા તૃષ્ણા આદિ સહુચરીઓને બોલાવી ઉપગુપ્તને મોહમુગ્ધ કરવા કહે છે.

સીન ટ્રાન્સફેર.

આશા તૃષ્ણા મોહક અભિનયથી ઉપગુપ્તને લલચાવે છે પરંતુ ઉપગુપ્ત તેને ઓળખી જવાથી તેનો તિરસ્કાર

કરે છે જેથી સરદાર વેષે આવેલો માર ક્રોધે ભરાઇ ઉપ-ગુપ્તને નરકાલયમાં લઇ જાય છે.

સીન ટ્રાન્સફર.

ભયાનક નરકાલય–ત્યાં અશોક પ્રવેશ કરે છે અને સાધુના ઉપદેશને મિથ્યાદંભમાની બે મોટા પત્થર વચ્ચે છુંદી નાંખવાનો હુકમ ફરમાવે છે યમદૂતો ઉપગુપ્તના માથાપર પથ્થર પડતો મૂકે છે. પરંતુ ઉપગુપ્તના માથાને સ્પર્શ કરતાં પથ્થર ફાટી તેમાંથી ભગવાન બુદ્ધનાં દર્શન થાય છે. તે જોઇ અશોક ભય પામી ઉપગુપ્તના ચરણમાં પડે છે. ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—રાજસભા—તક્ષશિલા નરેશ કર્ણ-દેવની રાજસભામાં આવીને કુણાલ દ્વંદ યુદ્ધની માંગણી કરે છે કર્ણદેવ તે સ્વીકારે છે' પરંતુ યુદ્ધમાં કુણાલ તેને પરાજય આપી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી પોતાનો મિત્ર બનાવે છે. ટેબ્લો.

પ્રવેશ ૨ જો—આવાસ—કુણાલને વિજય મળવાથી હર્ષઘેલો અશોક તિષ્યરક્ષિતા આગળ આવી કોઇ પણ

વસ્તુ માંગવાનું કહે છે. તિષ્યરક્ષિતા માત્ર તેની રાજમુદ્રિકા માંગે છે તે આપીને અશોક જાય છે. પછીથી રાણી કુણાલ પાછો ન આવે એટલા માટે અશોકના નામથી કર્ણદેવ ઉપર કુણાલની આંખો ફોડવાનો પત્ર લખી અશોકે આ-પેલી મુદ્રિકાની મોહોર કરી પોતાના વિશ્વાસુ અંગરક્ષક રવીપાળ સાથે તક્ષશિલા મોકલાવે છે,

પ્રવેશ ૩ જો—વિલાસ ભુવન–તક્ષશિલાપર વિજય મેળવ્યા પછી ત્યાંના રાજભુવનમાં કુણાલ કાંચનમાળા સાથે વિલાસરંગ રેલાવી રહ્યા છે ત્યાં કર્ણદેવ રવીપાળ સાથે આંખો ફોડવાનો પત્ર લઇને આવે છે. કુણાલ તે પત્ર વાંચી પિતાની આજ્ઞાપર તે પોતાની આંખો ફોડવા તૈયાર થાય છે. કર્ણદેવ બહુ બહુ કલ્પાંત કરે છે. પરંતુ કુણાલ પોતાની ધારણામાં દ્રઢ રહી પિતાની આજ્ઞાને માન આપી મારા-ઓના કંપતા હાથ પકડી પોતાની બન્ને આંખો ફોડી નાંખે છે. ટેબ્લો.

પ્રવેશ ૪ થો—જુઠાભાઇનું ઘર--કરોડપતિ સાથે ભોગવિલાસ ભોગવવાની આશાવળી ભુલામણી આગળ જુઠાનું પોગળ ખુલ્લું પડી જવાથી નિરાશ થાય છે અને બન્ને ભાઇઓને ધુતારા જાણી પોતાની ભૂલ માટે પસ્તાય છે પણ આખર કુલીન માબાપની દીકરી તેજ ગૃહસંસાર

નિભાવવાનો નિશ્ચય કરે છે. એટલામાં જુઠાનો એક લ્હેણી-યાત આવે છે જેથી જુઠો ને ચતુર છુપાઈ જાય છે અને ભુલામણી તેને પોતાના મોહમાં ફસાવી નાણુ પડાવે છે પછી જુઠો ને ચતુર લ્હેણીયાતને માર મારી કાઢી મૂકે છે ભાઈને આવી ચતુર બૈરી મળેલી જોઈ ચતુરને ખેદ થાય છે અને જુઠો તેને દીલાસો આપી તેનો સસરો પોતાને ત્યાં આવવા નીકળેલો હોવાથી રસ્તામાં તેને લુટવા બન્ને ભાઈઓ લુતારા બનીને જાય છે.

પ્રવેશ ૫ મો—મહાલય—ધર્મ પ્રચાર કરવા માટે દેશાંતર જતો ઉપગુપ્ત અશોકને ઉપદેશ આપી વિદાય થાય છે તે જોઈ રાણી તિષ્યરક્ષિતાને આનંદ. ત્યાં સરદાર રવીપાળનું આવવું અને કુણાલની આંખો રજુ કરવી. તિષ્યરક્ષિતા પોતાના અપમાનના બદલામાં તે આંખોને પગ તળે છુંદી નાંખવા તૈયાર થાય છે રવિપાળ તેમ કરતાં અટકાવે છે જેથી વિતંડાવાદ પરિણામે રવિપાળનો આપઘાત.

પ્રવેશ ૬ ઠો—જંગલ—અંધ કુણાલ અને કાંચન-માળા પહાડના પથ્થારોમાં અથડાતા ક્ષુધા તૃષાથી પીડાઈ રહ્યાં છે ત્યાં માર કિરાત વેશમાં આવીને તેમને ધર્મ ભ્રષ્ટ કરવાના હેતુથી પોતાની માયાથી ઉપજાવેલું તામસી ભોજન આપે છે પરંતુ દેવેચ્છા જુદીજ હોવાથી જેવી

કાંચનમાળા રોટલો કુણાલના હાથમાં આપી પાણી ભરવા જાય છે તેવુંજ એક પક્ષી આવીને કુણાલના હાથમાંથી રોટલો ઝુટવી જાય છે તે જોતાં કાંચનમાળાના હાથમાંથી પાણીનું વાસણ પડીને ટુટી જાય છે અને કાંચનમાળા મુછીવશ થાયછે. પોતાનો આપેલો ખોરાક પક્ષીને ઝુંટવી જતું જોઇ માર આશ્ચર્ય પામે છે અને કોઇ બાજી યુક્તિ કરવા વિચાર કરે છે ત્યાં સામેથી ઉપગુપ્તને આવતો જોઈ માર અદૃશ્ય થાય છે. પાછળથી કાંચનમાળાને મૃત્યુ પામેલી ગણી કુણાલનું કલ્પાંત આત્મઘાટની તૈયારી ઉપગુપ્ત તેને તેમ કરતાં અટકાવવો કાંચનમાળાને સાવધ કરવી અને દંપતિને ઉપદેશ

પ્રવેશ ૭ મો—જંગલ—લુંટારા બનેલા જુંઠો અને ચતુર ચંદનદાસની પાસેથી તીજોરી અને માલમતા લુટી લઇ કસ્તુરીને પકડી રાખી ચંદનદાસને રોહીણી ને કાઢી મૂકે છે પછીથી ભય પામતી કસ્તુરી સમક્ષ ચતુરનું ખરા રૂપમાં જાહેર થવું, અને પ્રેમીઓનો વિનોદ.

પ્રવેશ ૮ મો—અશોકનો આવાસ—કુણાલના કાંઈપણ સમાચાર ન મળવાથી અશોક ચિંતાતુર અવસ્થામાં બેઠેલો છે ત્યાં કર્ણદેવ પ્રધાન રાધાગુપ્ત આવી કુણાલની આંખો ફોડી નાંખી દેશપાર કર્યાના ખબર આપી તેની ક્રુરતા માટે ઠપકો આપે છે પરંતુ અશોક પત્ર લખ્યાનો

ઈનકાર કરે છે જેથી બધા ગુંચવાડામાં પડી જાય છે ત્યાં દાસી કલ્યાણી આવે છેતેને શામદામથી મનાવે છે અને કલ્યાણી બધું પોગળ ખુલ્લું કરે છે ત્યાં તિષ્યરક્ષિતા પોતાની ગુપ્ત બીના બહાર પડતી અટકાવવા માટે કલ્યા-ણીનું પીસ્તોલથી ખુન કરે છે. પરંતુ અશોક તેને જોઇ જાય છે જેથી રાણી બેધડક નીચે આવે છે તેને નીચે પટકી સાચું શું છે તે મનાવે છે. રાણી સઘળું કબુલ કરે છે જેથી અશોક તેનો વધ કરવાનો હુકમ ફરમાવે છે ત્યાં ઉપગુપ્ત પ્રકટ થઇ આ સર્વનું કારણ પાપીષ્ઠ માર એમ બતાવી અશોકને સ્ત્રીહત્યા કરતો અટકાવે છે. ટેબ્લો

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—-ઉપવન—-દરેક પ્રયત્નમાં નિરાશ થએલો માર કોઇ બીજી યુક્તિ ગોઠવવાનો નિશ્ચય કરી જાય છે ત્યાં કુણાલ અને કાંચનમાળા આવી ચઢે છે અને આ નગર પાટલી પુત્ર છે એમ જાણી પિતાએ કરેલી દેશ પારની આજ્ઞા ન લોપવા માટે પ્રાતઃકાળમાં શહેર ત્યાગી જવાનો નિશ્ચય કરી રાતવાસો કરવા માટે કોઇ સ્થળ શોધતાં આગળ જાય છે.

પ્રવેશ ૨ જો—મહાલયની આગળનું ચોગાન— અશોકના શયન મંદિર નીચે થઇને કુણાલને કાંચનમાળા નીકળે છે ત્યાં પહેરેગીર ધક્કા મારી પાછા કાઢે છે જેથી કુણાલ સમયની મહત્તા દર્શાવે છે તે સાંભળી અશોક જાગૃત થઇ નીચે આવે છે અને કેટલીક વાતચીત પછી પરસ્પર ઓળખાણ અને પિતા પુત્રનો મેળાપ.

પ્રવેશ ૩ જો--કારાગાર—તિષ્યરક્ષિતાનો પોતાની ક્રૂરતા માટે પશ્ચાતાપ અને આત્મઘાટની તૈયારી ત્યાં અશોક આવી તેને અટકાવે છે ત્યાર બાદ અંધ કુણાલ કર્ણદેવ સાથે ત્યાં આવે છે તેને જોઇ પશ્ચાતાપ કરતી તિષ્યરક્ષિતા તેની પાસે અપરાધની ક્ષમા માંગી પોતાની આંખો ફોડવા તૈયાર થાય છે પરંતુ ઉપગુપ્ત આવી તેને સાહસ કરતી અટકાવે છે અને કુણાલને પુનઃનેત્રની પ્રાપ્તિ થાય છે. પછી પાપથી સળગતા અને ક્ષમા માંગતા મારનું આવવું તેને ક્ષમા અને સર્વનો તેના તરફ તિરસ્કાર. ટેબ્લો.

પ્રવેશ ૪ થો—જુઠાનું ઘર—પોતાને લુટી લેવાથી દુઃખ રોતાં ચંદનદાસને રોહીણી આવે છે અને કસ્તુરીને લુટારા લઇ ગયાની ખબર આપે છે ત્યાં ચતુર કસ્તુરીને લાવે છે અને લુટારાઓ સાથે લડાઇ કરી છોડાવી લાવ્યાની બડાઇ મારે છે અને તેના બદલામાં કસ્તુરી પોતાની સાથે

પરણાવવાનું માગી લે છે પણ ચંદન તેમને ધુતારા તરીકે ઓળખી ગયેલો હોવાથી સાફ ઇનકાર કરે છે. ત્યાં જુઠો કોટવાલને લઈ આવે છે અને પોતાની તીજોરી માંગે છે પણ તે ન હોવાથી કોટવાળ પાસે સસરા સાસુને કેદ પકડાવે છે જેથી લાચાર થઈ કસ્તુરીને ચતુર સાથે પરણાવવાનું ચંદન કબુલ કરે છે જેથી સર્વને આનંદ

પ્રવેશ ૫ મો—મહાલય--દ્રષ્ટિ પામેલા કુણાલ અને સઘળાં દુઃખો દુર જવાથી આનંદમાં આવેલી કાંચનમાળાની પ્રેમ ચેષ્ટાઓ

પ્રવેશ ૬ ઠો--બુદ્ધચૈત્ય--ઉપગુપ્ત અને બીજા સાધુઓ સમક્ષ જે સ્થળે નરકાલય હતું તે સ્થળે બાંધેલું વિશાળ ચૈત્ય ભગવાન બુદ્ધિની પ્રતિમાનું દર્શન અને સર્વત્ર જયઘોષ.

સમાપ્ત.

પ્રેમ અને મહોબતનો બગીચો.

આ દવાઓ ખાસ રાજા મહારાજા અને પ્રીન્સોને માટે બનાવી છે.

એક કલાકમાં કઉવતનો પુર જોસ. ઇલેકટ્રીક પાવર લાવનારી અજબ શકિત પેદા કરનારી બળ, બુદ્ધિ યાદ શકિતને તેજ કરી જાદુની માફક એકદમ ચમત્કાર બતાવનારી ખાસ

(કીંગ ઓફ ટોનીક પીલ્સ.)

કાયમની શકિત મેળવવી હોય અને જુવાનીનો પુર જોશ શકિતનો પાવર લેવો હોય તો (કીંગ ઓફ ટોનીક પીલ્સ વાપરો) આઠ દિવસ અજમાયશ માટે રુ ૭૫)

(નાઇટ પીલ્સ)

પ્રેમના વિલાસીજનો માટે ગોળીઓ ગઇ જુવાનીનું જોબન પ્રેમ રસની ખરી મજા લેવી હોય તો આ પીલ્સ એકવાર વાપરો. ગોળી ૧ ની કીંમત રૂ૦ ૫) અડધા કલાકમાં નાઇટ પીલ્સનો અજબ ચમત્કાર જોવો હોય તો એક ગોલી વાપરી ખાત્રી કરો.

પંદર મીનીટમાં ઇલેકટ્રીક પાવર લાવી અજબ શકિત પેદા કરનારૂં.

શકિત સંજીવન તેલ છે.

એકદમ કૌવતનો પૂર જોસ પાવર લાવનારૂં અને શકિતને સંજીવન કરનારૂં આ તેલ છે.

શરીરની નબળી પડેલી નસોને જાડી અને લાંબી કરી કઉવતનો પુર જોસ પેદા કરે છે. પક્ષઘાત, લકવો, સુન મારેલા નસો માટે અકસીર આ ચમત્કારીક તેલ છે. કીં. તોલા ૧ના રૂ. ૨૧૦) છે

જવાબ માટે રૂપીયા બે આવે જવાબ મોકલવામાં આવશે. હકીકત જાણવા માંગતા તો તો રૂ. ૧) મોકલો તો અમારી દવાઓનું કેટલોગ મોકલી આપીશું.

ડુબલ મેડીકલ હૉલ, ૩૨ ચર્નીરોડ મુંબઇ પોષ્ટ નં. ૪.

શ્રી ગણેશાયનમઃ

શ્રી

વીર કુણાલ.

નાટકના ગાયનો.

અંક પહેલો.

(મંગળાચરણ)

સુત્રધાર અને બાળાઓ—૧

મંગળ કર શિવ સકલનું
વિપદહર અભય કરતું
શંભુ સ્મરણ દુરિત હરણ
કરીયે ધરી ચરણ શરણ
અશરણ શરણ શશીભાલ—

બાળાઓ— ૨

કયાં છે ભારતના રત્ન તે અમારા પ્યારાં
માતૃભૂમી તણાં તેજને નયનોનાં તારા
ધન્ય રમણી સાવીત્રી સીતાને તારા
જેના યશની આદેશે વર્ષે છે ધારા
ભુતકાળ તણી ભવ્યતાથી ગાજે
માતૃભૂમી અમારી શું આ તે
માતૃભૂમી એની એજ ગયું પહેલાનું તેજ
ગયાં પ્રાણપણે ટેક જાળવનારા—

સખી, તિષ્ય, કુણાલ—૩

અંતરના પુષ્પોથી સજની વીર યુવરાજ વધાવો આજે
માણુસ મણિ મુકતામય સોહે સજહંસ રીઝાવો આજે
ઉરના આનંદથી કીર્તિની માળા
કંઠે સોહાવો એ રસ રઢીઆળા
નરવર એ રતિવર સમ રાજે—
સ્નેહી જનના સ્નેહમાં છે હર્ષામૃત પાન
વસુધા પણ ઝળકી રહી હર્ષ વસ્ત્ર પરિધાન—

કાંચનમાળા— ૪

કયાં વહે મમ જીવન સરણા
રસ ભારત અમી ઝરણ નયના—
છું અધીરી દર્શ પ્યાસી, પ્રેમભોગી પ્રિય કરનાં—
એ છબીપર પ્રાણ વારૂં, દર્શ પામુ જો મનહરના—

કાંચન અને કુણાલ—૫

સુરભિ નીરખી શ્યામની મધુર પુષ્પ શરમાય
તે લજ્જાની જવનિકા આ રીતે વિખરાય
આ પ્રાણુતણાં પુષ્પોને પિયુ કરમાવશો ના
મને શરમાવશો ના ફરી તલસાવશો ના
હૃદય મણી શીરતાજ અમારા જીવન સુધા ભરનારઃ
કદી ન્યારા થશો ના—–
સ્નેહ સુત્રમાં પુષ્પ રસાળાં રહી વીત્રશ રંજન કરનારાં
તેના દોષ દિલાવર દીલમાં લાવશો નાં—–

ભૂલામણી— ૬

હું મદમાતી ભુલામણીને નામે પંકાતી
કોઇ લ્હેરી જોઇ લજવાતી હું લચક છબી લેખાતી
ભર જોબનમાં ઝોલાં ખાતી દેવ દર્શને જાતી
નીરખી કંઇકની અંતર કળીઓ ખીલીને કરમાતી
રસથી છલકે મુઇ છાતી—

ભૂલામણી, જાુઠો— ૭

હું તો મારૂં આ તનમન ધન તમપર કુરબાન
આજ મારાં આંગણાં શોભાવજો
અમે પરદેશી પ્રેમ ભુખ્યા હડકાયા મેમાન—–આજ૦
નખરાં ઓછા કરોને કાળજું કોરાય જો
સુરતી જોઇ મીઠી મને કંઇક કંઇક થાયજો—
હાય મારી દીધો, મને ઘાયલ કીધો—–અમે૦

કસ્તુરી—　　૮

અજબ સુરત મદભરી આ મોહીની શોભાવતી
અલબેલા કોઇ છેલને લોભાવતી
રસભીના કોઇ લાલને લટ્ટુ બનાવતી—
છું હું જુવાન બાળા જોઈ છેલ અટકચાળા
કોઇ આંખડી લડાવે પાછળ પીટયાઓ આવે
પણ હું તો એ છેલની છબી છુપાવતી—

ભુલામણી-જુઠો—　　૯

દીલના આરામ અમારા છો શ્યામ અમારા
સલુણા લોચન તારા
ભલભલાને ભુલાવે ભુલામણી એવાં આ નૈન રસાળાં
પરવશ કીધો તેં રાખી હ્રદયમાં દીધાં છે પ્રેમના તાળાં
એ ઉરનાં બંધન બળવાળાં
નવ છુટે પ્રાણ મારાં—છો૦
જોડું જુગતું થયું આપણું જગના લોકો જોશે
આ બુલબુલને જોઇ કંઇક તો માથે ઓઢી રોશે
કહેશે સહુ તમારી વહુ..........ભલભલાને

કાંચન અને કુણાલ— ૧૦

અમારા દેશને છોડી અમે થાનાર પરદેશી
હૃદયને મેળવી લેશે અમારો પ્યાર પરદેશી
થયા દુર્ભાગીઓ એવા તજાવી દેશની સેવા
ભટકશું પારકા ઘરમાં બની લાચાર પરદેશી
અમારા દેશબંધુઓ અમારી જન્મ ભુમીમાં
હવે છેલ્લા પ્રણામો છે અમે હદપાર પરદેશી—

આશા-તૃષ્ણા-સખીઓ-૧૧

મલયા નીલ વસંતને કામ ધનુષ ટંકાર
પુષ્પ વેળીઓ ઝુકી રહી વર્ષાવે રસધાર
આવો આવોને આજ રાજ
જોગીને લોભાવો
સાંધી હૈયાપર નેનબાણ મોહમાં ફસાવો
મદન રાજની ધુણી જગાવી ભરમાવી જોબનમાં
જોગી રાજનો જોગ તજાવી લલચાવું લોચનમાં
ભુલે સાન ભાન ધ્યાન
કસી કંચુકી કસ કસતી હું રસબસ કરૂં બસ તનમાં
અમૃત રસનું પાન કરાવી રાખું મોહન મનમાં
ભલે સાન ભાન ધ્યાન

અંક બીજો.

—❋—

વારાંગના-ઉસ્તાદ— ૧૨

સાંવરા તીહારી તીરછી નજરીયાં
કટગઈ મોરા જીગર પીયરવા
હમપર ડારી તીરછી નજરીયાં
કયસે કટા નાજુક જીગરવો કુછ નહીં આયા નજર
ફીરતી રહા જીતા હૃદય સંગદીલ સનમકે નામપર
લેજા ઠલી ઉસ દર્દીઓકો ઇશ્કકા મઝીલમેં
ફીરતી નહીં કુરકત બુઝે દીલકી દવા હય દીલમેં

સખીઓ— ૧૩

સખી જોને ચાંદલીઓ પેલો જોને આકાશ ઉરે જોને
રાજે કેવા રંગમાં

એનાં મદમંદ હાસ્યે અલી મ્હોને અંધારી ઉરના ખોને-
શાં રશ્મિ શીતળ ચંદ્રનાં વસુધા ગડે પડતાં સખી
કીરણો તણાં કુસુમો કરી વસુધા વધારે વ્હાલથી
વ્હાલમ તણાં સુખચંદ્રથી અમૃત મધુર ઝરતાં સખી
હૃદયે ઝીલી એ ધાર સૌ વ્હાલમ વધારો વ્હાલથી

નાની સખી— ૧૪

હુંતો વીધ વીધ રંગ બતાવું નેન નચાવું
ને લલચાવું મારા કંથને વશ કરવા
રીસ કરી જોઉં આડી આંખે ભૂમી ખણુતી શરમાતી
હાંરે સખી લળીલળી હું લચકાતી—
મનાવતાં પણ હું મરડાતી છણુકે છટકી જાતી
કહે માફ કર કાલાવાલા કરતાં હું હરખાતી
હાંરે સખી હસી હસીને ખસી જાતી
પગે પડે જયા પ્રીતમજી ત્યાં પાણી પાણી થાતી—

કાંચન અને કુણાલ— ૧૫

જ્યાં પ્રેમ વીણા પ્રીય મારા મંજુલ કરતી ઝણકારા
ત્યાંથી ન્યારાં થઇને પ્રેમી કયાં જશે
એ વિણાથી વીશ્વડોલે પ્રણય રસના મંત્ર બોલે
તે રસમાં જે પરવશ થાતાં
જાઓ કહે ત્યાંથી નવ જાતાં
એ મધુ જીવનનાં સુખ કર સમણાં
અનુભવતાં રમરતાં સ્નેહ ગીતડાં જાગશે—

ભુલામણી— ૧૬

મારા પાતળીયાની જોડ જગમાં ના જડેરે
એ ખળ હું મોઢાની મોળી
રોઝાવું પ્રીતી રસ ઢોળી
મદન રંગથી રસીયો શેળી
ધરૂં પ્રેમની ઝોળી જોડી ના જડેરે

ભુલામણી અને લ્હેરી—૧૭

તમે લાલ છો લટકાળાઃ હું મોંઘી મોહનમાળા
મોતીડાં મોઘાં લાવો આ માળામાં મઢાવો
ચાલું લટકતી થઇ છું શેઠાણી ચાવી તીજોરીની લાવો
નહીં તો પરણીને રખે પ્રીતમજી ભોળી ભામાને રડાવો
પરો અહીંસે હીરા મોતી શેઠાણી સું લાવું
લાડીજી શેવક બન જાઉં થારો હુકમ ઉઠાવું.

જુઠો-ચતુર— ૧૮

હું ખાપરો તું કોડીયો જોડી વીંછીને સાપની
મીઠા ડસીને પૂછવું છે બુદ્ધિ કોઇના બાપની
કાયદો પૂછી શકે નહીં એવી વિદ્યા આપણી
કાયદેથી બોલી ફરવું છે બુદ્ધિ કોઇના બાપની

માથાંઓ મુંડી મુર્ખના પહેરાવી ટોપી માપની
કહેવું અમે શું જાણીયે છે બુદ્ધિ કોઈના બાપની
ચોલો સહુ સંસાર અહીં પરવા કરોના પાપની
શ્રીકૃષ્ણ ગીતામાં કહી ગયા છે બુદ્ધિ કોઇના બાપની—

ઉપગુપ્ત— ૧૯

કારી નયનથી નચાવે નારી પામર નરનાદાન
નીર વીના ધરતીપર તરતી પાંખ વિના આકાશે ફરતી
શસ્ત્ર વિના શબ્દે સંહરતી
ઈચ્છા જે ધરતી તે બોલ્યા વીણ પણ એ કરતી
એ બળવાન નારી
જુઠી હસતી જુઠી રડતી મુખથી અમૃતમય ઉચ્ચરતી
હૃદયે ઝેર હળાહળ ભરતી
કામ ક્રોધમાં ભુલી કૃત્યો કાળાં આચરતી નર્ક સમાન નારી

ઉપગુપ્ત— ૨૦

છોડી દુનીયાની માયા કાયા તે કામનીરે
પરહિત કારણ નવ રાખો પરવા ધન ધામનીરે
ખાન પાનની પીડા તજીયે ભવ તારકને ભજીયે
ઘરઘર ભટકી ધર્મ ધ્વજા લઇ દેશની સેવા સજીયે
સાચી કમાણી કરવી નીતિ દયા દામનીરે—

ચતુર અને કસ્તુરી— ૨૧

પાતળીયા તે તો પ્યારમાં મુજને પરવશ કીધી
ચતુરાને પણ આ ચતુરીયે કેવી બાંધી લીધી
બાંધી લીલી પરવશ કીધી
જો હું શેર તું સવાશેર આ જુગતી જોડી જામી
રંગે રંગ મળે દુનીયામાં તોજ મજા મનમાની
આ દુનિયામાં સિધ સાધક થઇ લઇશું જીવન લ્હાણી—



અંક ત્રીજો.

કુણાલ અને કાંચન— ૨૨

હતાં સંસાર વાડીમાં અમે પુષ્પો પ્રભાવાળાં
થતાં ઉષા ખીલ્યાતાંને રહ્યાતાં ખુબ રઢીયાળાં—
ડુબ્યો ભાનું વીતી સંધ્યા નીશા થઇ ઘોર અંધારી
રહ્યાં તે પુષ્પ પણ તેમાં સુગંધી પૂવની ન્યારી—
સહુ જાણો સુખોનો અંત આવો દુ:ખમાં થાશે
કળી ખીલી સુકાશે ને પ્રબળ વેગે ખરી —જાશે
અરે તેથી ખર્યાં પહેલાં ભલું કર કંઇ જીવન ભરમા
કરી પરમાર્થની તરણી તરીજા આ વીષમ સરમાં—

કુણાલ— ૨૩

સમય જો હોય સારો તો બધો સંસાર સારો છે
સમય સારો સીધાવ્યો ત્યાં નહીં સંસાર તારો છે—
ચડે વાદળ ચડે ભરતી ચડે જોબન વધે લક્ષ્મી
ઘડીમાં તે પડી જાતાં સમયનો રંગ ન્યારો છે—
સમય સારે ન સારૂં જે કરે તે સહુ ગમારો છે
પછીથી ખાયતે ખત્તા સમયનો રંગ ન્યારો છે—

જુઠો, ચતુર, વિગેરે— ૨૪

આવી કરી (૩) જુઠાભાઇ
બુદ્ધિ કોઇના બાપની જગહ ભરમાં
હારીને આવ્યા છે હાલ ઠેકાણે આ લોભીલાલ
રોપો માંડવો હે શ્વસુરજી
વીવા ઝટ થાય પછી ભલે ઝમખારે સહુ
ફેરાં ફરે વર વહુ માનીયે આનંદ બહુ—બુદ્ધિ૦
મંગળ ગાવાં હરખાવો આગળ ચોરી બંધાવો
વરકન્યા પરણાવો મધુરાં વાજાં વગડાવો
ડીંગ ધતીંગ (૩) ડીંગ (૫)—બુદ્ધિ

કાંચન અને કુણાલ— ૨૫

મીઠી મીઠી પ્રમદાને પિયુની છાય
જેમાં હૈયા પ્રેમીના હીંચોળા ખાય
અમી વરસાવે એ તાપ શરમાવે એ
ખીલે ઉરના સુમન શશી જોઇને
ઝીલે જીવન સુધારસ મોહીને
રતિરસના સરવરના તટપરના ઉપવનમાં—

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી લક્ષ્મી કાન્ત નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે, વી૦ પી૦ થી મોકલવામાં આવશે નહીં.

	નામ			કીંમત
૧	જ્ઞાનની માયા નાટકનાં ગાયનો			૦-૩-૦
૨	સૂર્યકાન્ત	,,	,,	૦-૩-૦
૩	ઓડાણો	,,	,,	૦-૩-૦
૪	સુધા ચંદ્રિકા	,,	,,	૦-૩-૦
૫	પ્રેમ સંહાર	,,	,,	૦-૩-૦
૬	પાવાગઢનોપ્રલય	,,	,,	૦-૩-૦
૭	શંકરાચાર્ય	,,	,,	૦-૩-૦
૮	શંકુતલા	,,	,,	૦-૩-૦
૯	વીર કુણાલ	,,	,,	૦-૪-૦

માલેક

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.